NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2008

# GUJARATI SECOND ADDITIONAL LANGUAGE: PAPER I

Time: 2 hours | 100 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This paper consists of 7 pages.
2. Read the instruction to each question carefully.
3. Answer all questions.
4. All answers must be in GUJARATI.

---

IEB Copyright © 2008

પ્રશ્ન ૧ [14]

અમે ઘણા ગરીબ હોવાથી મારી માએ મને કોલસાની ખાણમાં કામ અપાવ્યું હતું. મને ભણવાની બહુ હોંશ હતી. સગવડ મળતી ત્યારે હું રાત્રિશાળામાં જતો.

એક દિવસ ખાણના અંધારામાં મેં કોઈ બે માણસોને છાની છાની વાતો કરતા સાંભળ્યા. તેમની વાતમાં મને રસ પડ્યો.

એક જણ બીજાને આવું કહેતો હતો: 'હબસી લોકો માટે હમણાં જ એલેકઝાન્દ્રા ઉદ્યોગ તથા કૃષિ–શાળા નામે નવી શાળા નીકળી છે. એ શાળામાં ગરીબ અને લાયક વિદ્યાર્થીઓ કામ કરી પોતાનો ખર્ચ કાઢી શકે છે, અને સાથે સાથે કંઈક ઉદ્યોગધંધો પણ કરી શકે છે.'

આ એલેકઝાન્દ્રા શાળા ક્યાં હશે અને કેટલેક દુર હશે એની ત્યારે મને કશી કલ્પના ન હતી. પણ તે દિવસથી હું માનવા લાગ્યો કે, આ શાળા પાસે સ્વર્ગ પણ તુચ્છ છે; અને મેં મનમાં નિશ્ચય કર્યો કે, ગમે તેમ કરીને મારે ત્યાં જવું જ. પણ એ નિશ્ચયને મારે બે અઢી વર્ષ સુધી મનમાં ને મનમાં રાખવો પડ્યો.

મારા ગામથી એલેકઝાન્દ્રા ૫૦૦ માઈલ દૂર હતું. તે વખતે રેલગાડી બધા દેશમાં થઈ નહોતી. કેટલોક ભાગ બળદગાડીમાં અને કેટલોક ચાલતા જવાનું હતું. મારી પાસે ભાડાના પૂરતા પૈસા પણ નહોતા. વળી મારી ચામડી કાળી, એટલે પણ જ્યાં જાઉં ત્યાં લોકો મને ઊભો ન રહેવા દે. આ લાંબી મુસાફરીમાં ઘણા દિવસ મારે ભૂખે ગાળવા પડેલા, અને ઘણી રાત્રીઓની ઠંડીમાં મારે આમ તેમ ચાલીને શરીરમાં ગરમી લાવવી પડેલી. એમ કરતો કરતો હું રીચમંડ નામના શહેરમાં પહોંચ્યો. આ શહેર બંદર છે. હું કોઈ મોટા શહેરમાં કદી ગયેલો નહિ, એટલે મારી મૂંઝવણનો પાર નહોતો. શહેરની દુકાનોમાં સરસ સરસ ખાદ્ય પદાર્થો દેખાતા હતા, પણ મારા ખીસામાં એક રેન્ડ પણ નહોતો.

થાક્યો પાક્યો અને ભૂખ્યો હું, શહેરના એક ફૂટપાથને છેડે, મારી બેગનું ઓશીકું કરી સૂઈ ગયો. મળસ્કે અજવાળું થતાં આંખ ઊઘડી તો મેં જોયું કે બંદરમાં એક મોટું જહાજ હતું અને તેમાં લોખંડ ઉતારવાનું કામ ચાલી રહ્યું હતું. મને વિચાર આવ્યો કે, ત્યાં જઈ મજૂરી મેળવું અને ખોરાક પૂરતા પૈસા કમાઈ લઉં. પછી તો મેં ઘણા દિવસ મજૂરી કરી અને થોડું થોડું બચાવી એલેકઝાન્દ્રા સુધી જવા જેટલો ખર્ચ ભેગો કર્યો.

પ્રશ્ન ૧/Q1

IEB Copyright © 2008

છેવટે હું એલેક્ઝાન્ડ્રા પહોંચ્યો. જ્યારે મને ઈંટોથી ચણેલી ત્રણ માળની તેની શાળાનું પ્રથમ દર્શન થયું, ત્યારે મને લાગ્યું કે મારો બધો શ્રમ આજે સફળ થયો.

અઘરાં શબ્દો

| | |
|---|---|
| હોંશ =ઉમંગ, eager | શ્રમ =મહેનત |
| રસ પડવો =મજા આવવી | છેટે =દૂર |
| ગુપચુપ =છાનામાના, સંતાઈને | મળસ્કે =વહેલી સવારે |
| નિશ્ચય =નિર્ણય, decision | માળ = floor |
| ખાદ્ય પદાર્થો =ખાવાની વસ્તુઓ, food | |

૧ <u>ઉપર આપેલો ગદ્ય વાંચી નીચેના પ્રશ્નોના જવાબ લખો.</u>

૧.૧ લેખકની માએ તેમને ક્યાં કામ અપાવ્યું હતું? (1)
૧.૨ લેખકને શેની ખૂબ હોંશ હતી? (1)
૧.૩ એ દિવસ લેખકે ખાણના અંધારામાં શું સાંભળ્યું? (2)
૧.૪ લેખકને પોતાના નિશ્ચયને કેટલા વર્ષ સુધી મનમાં રાખવો પડ્યો? (1)
૧.૫ લેખકના ગામથી શાળાનું શહેર કેટલા માઈલ દૂર હતું? (1)
૧.૬ લેખકને ત્યાં પહોંચવામાં શુ તકલીફ પડી? (2)
૧.૭ લેખકે પૈસા કમાવા બંદરના જહાજમાં શું કામ મેળવ્યું? (1)
૧.૮ લેખકને ક્યારે લાગ્યું કે મારો બધો શ્રમ સફળ થયો છે? (1)
૧.૯ લેખક વિશે તમારો શું મત છે? (2)
૧.૧૦ નીચે આપેલા શબ્દો માટે સાચો શબ્દ શોધી આપો. (2)
૧.૧૦.૧ નિર્ણય – નિયમ  નિશ્ચય  વર્ણન
૧.૧૦.૨ જહાજ – બંદર  દરિયો  વહાણ

પ્રશ્ન ૨ <u>નીચે આપેલા વાક્યોમાંથી ખરા વાક્યોની સામે √ ની નિશાની અને ખોટાં વાક્યોની સામે x નિશાની કરો.</u> [4]

૨.૧ લેખક ખૂબ પૈસાવાળા હતા. ☐
૨.૨ લેખકને યુનિવર્સિટીમાં નોકરી મેળવવી હતી. ☐
૨.૩ લેખકની ચામડી કાળી હતી. ☐
૨.૪ લેખકને ભણવાની હોંશ હતી. ☐

પ્રશ્ન ૨.૨/Q 2.2

૨.૨ નીચે આપેલા રૂઢપ્રયોગોને 'અ' વિભાગમાંથી લઈ તેનો સાચો અર્થ 'બ' વિભાગમાંથી શોધી લખો. [4]

| અ | બ |
|---|---|
| ૨.૨.૧ રામબાણ ઈલાજ | ક. નકામી મહેનત |
| ૨.૨.૨ લોહી ઊકળવું | ખ. અતિશય દુઃખ આવી પડવું |
| ૨.૨.૩ પથ્થર પર પાણી | ગ. ગુસ્સો આવવો |
| ૨.૨.૪ આભ તૂટી પડવું | ઘ. નિષ્ફળ ન જાય એવો ઈલાજ |

૨.૩ નીચે આપેલા વાક્યોમાં ક્રિયાપદનું યોગ્ય ભૂતકાળનું રૂપ બનાવી લખો. [4]

જેમકે – ગાંગુલીએ બોલને ફટકો ----- (મારવું)

જવાબઃ માર્યો

૨.૩.૧ બાએ લંચમા. ખીર ----- (બનાવવું)

૨.૩.૨ દિવ્યેશે તેનો નવો સેલફોન ----- (તોડવું)

૨.૩.૩ આશાએ ઈ–મેલ ----- (લખવું)

૨.૩.૪ પ્રીતેશે જમરૂખ ----- (ખાવું)

૨.૪ નીચે આપેલા વાક્યોમાંથી સંજ્ઞા શોધી બતાવો. [4]

૨.૪.૧ કેરીના ભાવ ઊંચા છે.

૨.૪.૨ આકાશ ઘણું ભૂરું છે.

૨.૪.૩ જોહાનિસબર્ગ સાઉથ આફ્રિકાનું મોટું શહેર છે.

૨.૫ નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય સર્વનામ લખો. [4]

૨.૫.૧ મહેરબાની કરી ______ ધીમેથી બોલશો?

૨.૫.૨ જે ખાડો ખોદે ______ પડે.

૨.૫.૩ ______ આ રવિવારે કેપટાઉન જઈશું.

૨.૫.૪ આપણે ______ બુરું ઈચ્છવું જોઈએ નહિ.

પ્રશ્ન ૨.૬/Q 2.6

IEB Copyright © 2008

૨.૬ નીચે આપેલાં વાક્યોમાં યોગ્ય ક્રિયાવિષેશણ શોધીને ખાલી જગ્યા પૂરો. [4]
(હંમેશા, કયાંસુધી, નથી, ઉતાવળે)

૨.૬.૧ તમે _______ ઓસ્ટ્રેલિયા રહેવાનાં છો?
૨.૬.૨ હું એમની કોઈપણ વાત માનવાનો _______
૨.૬.૩ આંબા _______ પાકતાં નથી.
૨.૬.૪ રાધા _______ વહેલી ઊઠે છે.

૨.૭ નીચે આપેલા વાક્યોમાં યોગ્ય વિષેશણ શોધીને ખાલી જગ્યા પૂરો. [4]
(મોટી, માત્ર, ચાર, સુંદર)
૨.૭.૧ યમરાજાએ સાવિત્રીને _______ વરદાન આપ્યા.
૨.૭.૨ કેટલાંક પક્ષીઓ _______ માળા બાંધે છે.
૨.૭.૩ માળી પાસે _______ ગલગોટાંના ફૂલ હતાં.
૨.૭.૪ યુનિલીવર _______ કંપની છે.

૨.૮ નીચે આપેલા ફકરામાં લીટી દોરેલા શબ્દોની સાચી જોડણી લખો. [5]
(પણ, લાવ્યો, ચકી, દાણો, ચણ, ભરાઈ, ખીચડી, ખેતર, માળો)

એક હતો ચકો અને એક હતી ચકી. બંને એક <u>ખેટરમાં</u> મળ્યાં. સાથે ચણ ચણ્યાં. ચકો કહે, "આપણે <u>મારો</u> બાંધીએ." ચકો સૂકાં ડાળખાં વીણી <u>લાઈવો</u>. ચકી <u>પન</u> પીંછાં ને પોચું રૂ લઈ આવી. બંને સંપીને રહેતાં. સવારમાં <u>ચન</u> લેવા <u>સાઠે</u> ઊડે. સાંજે પાછાં આવે, ને માળામાં ભરાઈ જાય. એક દિવસ ચકો લાવ્યો ચોખાનો <u>દાનો</u> અને બકી લાવી મગનો દાણો. બંનેએ <u>કીચડી</u> રાંધી.

૨.૯ નીચેના વાક્યોમાં ક્રિયાપદનું વર્તમાનકાળનું યોગ્ય રૂપ મૂકી ખાલી જગ્યા પૂરો. [4]

૨.૯.૧ લાખો નિરાશામાં અમર આશા _______ (છૂપાવવું)
૨.૯.૨ તમે કોને ફોન _______ (કરવું)
૨.૯.૩ અમે દર રવિવારે મંદિરે _______ (જવું)
૨.૯.૪ તેઓ પોતાને ખૂબ હોંશિયાર _______ (સમજવું)

પ્રશ્ન ૨.૧૦/Q 2.10


IEB Copyright © 2008

૨.૧૦ નીચે આપેલા ગુજરાતી વાક્યોનું અંગ્રેજીમાં ભાષાંતર કરો. [4]

૨.૧૦.૧ સગવડ મળતી ત્યારે હું રાત્રિશાળામાં જતો. (1½)
૨.૧૦.૨ મારા ગામથી હેમ્પટન ૫૦૦ માઈલ દૂર હતું. (2)
૨.૧૦.૩ એક દિવસ મેં કોઈ બે માણસોને છાની છાની વાતો કરતા સાંભળ્યા. (1½)

પ્રશ્ન ૩ <u>નીચે આપેલી પંક્તિઓ તમારા શબ્દોમાં સમજાવો.</u>
(આઠથી દસ લીટી) [10]

૩.૧ ગઈ સંપત ફરી સાંપડે, ગયા વળે છે વહાણ,
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

અથવા

૩.૨ મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય,
સુખમાં પાછળ પડી રહે, દુઃખમાં આગળ હોય.

પ્રશ્ન ૪ <u>નીચે આપેલા સુવિચાર તમારા શબ્દોમાં સમજાવો.</u> [5]

અનુભવ શ્રેષ્ઠ શિક્ષક છે

અથવા

જન સેવા એ જ પ્રભુસેવા

પ્રશ્ન ૫ નીચે આપેલા પદ્યમાંથી કોઈપણ <u>બે</u> ને તમારા શબ્દોમાં ચારથી પાંચ લીટીમાં સમજાવો. [12]

૫.૧ માનવી પાસે કોઈ માનવી ન આવે રે;
એજી તારા દિવસની પાસે રે દુખિયાં આવે રે
આવકારો મીઠો આપજે રે
"કેમ તમે આવ્યા છો?" એમ નવ કહેજે રે;
એજી એને ધીરે રે ધીરે તું બોલવા દેજે રે
આવકારો મીઠો આપજે રે. (6)

પ્રશ્ન ૫.૨/Q 5.2

IEB Copyright © 2008

પ.૨ નળ રાજા સરખો નર નહિ, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી
સુખ દુઃખ મનમાં ન આણીયે.
પાંચ પાંડવ સરખા બંધવા, જેની દ્રૌપદી રાણી;
બાર વર્ષ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી. (6)

પ.૩ ઊંટ કહે, આ' સમામાં
 વાંકાં અંગવાળા ભૂંડા,
ભૂતળમાં પશુઓ ને
 પક્ષીઓ અપાર છે
બગલાની ડોક વાંકી
 પોપટની ચાંચ વાંકી
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે. (6)

પ્રશ્ન ૬ 'માતૃપ્રેમ' વાર્તામાં લેખકનો તેમની માતા માટેનો પ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો. [6]

પ્રશ્ન ૭ 'વહેમનું ઓસડ' પાઠમાં ગાંધીજીને મળવા આવેલી દંપતીનો વહેમ ગાંધીજી કેવી રીતે દૂર કરે છે? [6]

પ્રશ્ન ૮ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણના જવાબ લખો. ('ભગવાનની નિર્ધનતા' પાઠમાંથી) [6]

૮.૧ રંકા પોતાનું જીવન કેવી રીતે ગુજારતો હતો? (2)
૮.૨ રંકાવંકાને મદદ કરવા ભગવાને શું શુ કરી જોયું? (2)
૮.૩ સોનામહોરની ભરેલી થેલી જોઈ રંકાવંકાએ શું કર્યું? (2)
૮.૪ ભગવાન પોતાને નિર્ધન શાથી કહે છે? (2)
૮.૫ નારદ ભગવાનને સધન શાથી કહે છે? (2)

END

**Total: 100 marks**

IEB Copyright © 2008